ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



ખુશાલભાઈ હમીરભાઈ રત્નોત્તર
મો. ૯૭૩૭૧ ૧૮૩૬૮



જતિન ઓઝા
મો. ૯૪૨૬૪ ૬૪૬૧૦




આદિત્ય એન ઉપાધ્યાય
મો. ૯૭૩૭૫ ૭૫૮૫૫



શ્રેયસ પ્રવીણભાઈ શાહ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# શાહબુદ્દીન રાઠોડ આજે ગાંધીનગરમાં



## સર્વ વિદ્યાલય પરિસરમાં ખીમજી વિશરામ હૉલ ખાતે સવારે ૯ વાગે વક્તવ્ય

ગાંધીનગર, તા. ૬

વિશ્વગ્રામ પ્રેરિત વિચાર વર્તુળના ઉપક્રમે ખ્યાત હાસ્ય કલાકાર શાહબુદ્દીન રાઠોડના વક્તવ્યનો કાર્યક્રમ રવિવારે સવારે ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો છે.

મનોજ કોરડિયાએ આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે 'સ્માઈલિંગ સોસાયટીની બુનિયાદ' વિષયે શાહબુદ્દીન રાઠોડ પોતાનું વક્તવ્ય ખીમજી વિશરામ હૉલ, નાથીબા કૉલેજ બિલ્ડીંગ, ગેટ નાં. ૬, સર્વ વિદ્યાલય પરિસર, સૅક્ટર-૨૩ ખાતે ૭ ઓક્ટોબર ને રવિવારના રોજ સવારે ૯ કલાકે આપશે. રસ ધરાવતા સૌ નગરજનોને આ કાર્યક્રમ માણવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# આજે ગાંધીનગરમાં પુસ્તક પરબ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરમાં છેલ્લા પોણા ચાર વર્ષથી નિયમિત રીતે દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. જેનો ગાંધીનગરના સુજ્ઞ વાચકો ભરપૂર લાભ લે છે. ચાલુ માસની ૭મી ઓક્ટોબરના રોજ સવારના ૭.૩૦થી ૯.૩૦ સુધી ઘ-૪ સર્કલ ખાતે ઉદ્યોગ ભવન નજીક પુસ્તક પરબ યોજવામાં આવશે.

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી યોજાતી આ પુસ્તક પરબનો હેતુ માતૃભાષા ગુજરાતીના ગૌરવનો અને સારા પુસ્તકોના વાચનનો પ્રસાર કરવાનો છે. સાથોસાથે પુસ્તકના આદાન પ્રદાનની પ્રવૃત્તિ વિકસે તથા લોકોમાં વાચનની ટેવ કેળવાય તેવો તેનો શુભ આશય છે. પુસ્તક પરબની મુલાકાતે આવનાર ઉપલબ્ધ પુસ્તકો પૈકી બે પુસ્તકો અને બે સામયિક ભેટમાં લઈ જઈ શકે છે. ગુજરાતમાં ૧૫૮ જેટલાં સ્થળોએ આવી પુસ્તક પરબ યોજવામાં આવે છે. પુસ્તક પરબનો લાભ લેવા માટે આ પ્રવૃત્તિના કર્તા કિશોર જીકાદરા, આશા સરવૈયા, પ્રજ્ઞા પટેલ, મુળજીભાઈ પરમાર, અશોકભાઈ ત્રિવેદી, સંજય થોરાત, રણછોડભાઈ પરમાર, ધુર્જટી પ્રજાપતિ, વાઘેલાભાઈ, રોહિણી પરમાર, રમેશચંદ્ર શ્રીમાળી તથા દિશાન્ત ગર્ગ દ્વારા પુસ્તકભાવકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# સોજા હાઈસ્કૂલના ઉપક્રમે ગાંધી જયંતિની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની લબ્ધ પ્રતિષ્ઠિત શૈક્ષણિક સેવાભાવી સંસ્થા શેઠ એચ. એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજાના ઉપક્રમે આજ રોજ ૧૫૦ મી ગાંધી જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શાળાના પૂર્વ પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના અધ્યેતા ભાઈ-બહેનો એ ગાંધીજીના જીવન પ્રસંગો અને ઉન્નત વિચારો પર આધારિત વિષય પરત્વે નિબંધ-લેખન સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધામાં હોંશભેર ભાગ લીધો હતો. સદર સ્પર્ધાઓમાં વિજેતા અધ્યેતાઓને ઈનામ-પારિતોષિક-પ્રશસ્તિથી અભિપ્રેરિત કરવામાં આવ્યા હતા. ગાંધીજીના પ્રિય ભજનો-ગદ્ય-પદ્યના ગાન-વાંચનનો રસપ્રદ કાર્યક્રમ પણ અત્રે આયોજીત કરવામાં આવ્યો હતો. શાળાના સારસ્વત મિત્રો અને બાળકો વિશાળ રેલી સ્વરૂપે ગામની તમામ શેરી-મહોલ્લા-લત્તા-વાસ-માઢમાં ફર્યા હતા અને ગાંધીજીના જીવન-કાર્યો-વિચારો વિષયક સૂત્રોચ્ચાર કર્યો હતો.

શાળાના શિક્ષકો એ ગાંધી જયંતિ નિમિત્તે ગાંધી વિચારને વધુ પ્રચલિત-પ્રસારિત કરવાના શુભાશયથી ખાદી ખરીદીનો ઉમદા પ્રસ્તાવ સર્વાનુમતે પસાર કર્યો હતો.

શાળાના ચિત્ર શિક્ષકશ્રી ભરતભાઈ પટેલે ગાંધીજીની જીવન ઝરમર સુંદર રીતે રજૂ કરી હતી. ગાંધી વિચારમાં અનુસ્નાતક પદવી ધરાવતા અને તત્વચિંતક શિક્ષણવિદ્ એવા ગણિત-વિજ્ઞાન શિક્ષકશ્રી રાકેશ પ્રજાપતિ એ 'સાંપ્રત સમયમાં ગાંધી વિચારની પ્રસ્તુતતા-આવશ્યકતા' વિશે પ્રકાશ પાડ્યો હતો.

સમગ્ર કાર્યક્રમ એકંદરે ખૂબ જ સુંદર, સુચારુ, સુવ્યવસ્થિત, સરાહનીય, રોમાંચક, પ્રભાવી, પ્રોત્સાહક, પ્રેરણાદાયી, પ્રશંસનીય, અભિપ્રેરક, અનુકરણીય, આવકાર્ય બની રહ્યો હતો એમ એક અખબારી યાદીમાં શાળાના આચાર્યશ્રી ભાવેશભાઈ જોષી જણાવે છે.

# સમયુક્તિ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે વૃક્ષો, છોડનો તુલનાત્મક અભ્યાસ

ગાંધીનગર, તા. ૬

સમયુક્તિ ઈન્ટરનેશનલ સ્કૂલ, ચંદ્રાલા ખાતે બ્રિટીશ કાઉન્સિલ ઈન્ટરનેશનલ સ્કૂલ એવોર્ડ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. ગ્રામ વિસ્તારનાં બાળકોમાં આંતરરાષ્ટ્રીય દૃષ્ટિકોણ વિકસાવવા આ પ્રોગ્રામ ખૂબ ઉપયોગી છે. તાજેતરમાં શાળામાં 'ચાલો વૃક્ષોનું જતન કરીએ' પ્રોજેક્ટ અંતર્ગત ભારત, અફઘાનિસ્તાન અને ઈજીપ્તનાં છોડ અને વૃક્ષોનો તુલનાત્મક અભ્યાસ વિદ્યાર્થીઓને કરાવવામાં આવ્યો હતો. અફઘાનિસ્તાન અને ઈજીપ્તમાં ઓછું પાણી હોવાથી કેવા પ્રકારના છોડ ઉછેરવામાં આવે છે તેની ખાસ સમજ બાળકોને આપવામાં આવી હતી.

આ સાથે ગરમીનું પ્રમાણ સંતુલિત રાખવામાં, વરસાદ લાવવામાં, જમીનનું ધોવાણ અટકાવવામાં વૃક્ષો કેવી રીતે ઉપયોગી છે તેની સમજ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી બાળકોને આપવામાં આવી હતી.

આ સાથે આ ત્રણેય દેશમાં મળતાં ફળ, શાકભાજીની ન્યુટ્રીશિયન વેલ્યુ પણ વિદ્યાર્થીઓને જાણવા મળી હતી.

# ગાંધીનગર ખાતે આયોજિત ચેસ ટુર્નામેન્ટમાં સેન્ટ ઝેવિયર્સ દ્વિતિય સ્થાને



પ્રતિક્ષા એકેડેમી દ્વારા ગાંધીનગર ખાતે યોજાયેલ ૭મી ઈન્ટરનેશનલ સ્કૂલ ચેસ ચેમ્પીયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ગાંધીનગરની અલગ અલગ ૧૪ શાળાના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ અલગ કેટેગરીમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલે ૨ ગોલ્ડ, ૩ સિલ્વર અને ૩ બ્રોન્ઝ મેડલ સાથે દ્વિતિય સ્થાન મેળવ્યું છે. આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય ફાધર દુરાઈ, સિસ્ટર આઈરીન અને ટીમ મેનેજર આનંદસર અને તેમના કોચ ગૌરાંગ રાણાએ બાળકોને અભિનંદન પાઠવ્યા છે.

# 'દેશ કો જાનો' સ્પર્ધામાં આર જી પટેલ સ્કૂલ ઝળકી

ગાંધીનગર, તા. ૬

ભારત વિકાસ પરિષદ દ્વારા ગત માસે શાળાના વિદ્યાર્થીઓમાં દેશની વિવિધતા અને વર્તમાન સમયના વિવિધ વિષયોની જાણકારી તથા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીના ભાગરૂપે વિજયી બનેલા વિદ્યાર્થીઓ માટે જિલ્લાકક્ષાની સ્પર્ધા વિદ્યાભારતી મુકામે યોજવામાં આવી હતી. જેમાં શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સૅક્ટર-૨૩, ગાંધીનગરની વિદ્યાર્થિની જાનકી રસેન્દ્રસિંહ ઝાલા અને તન્વી વનરાજભાઈ વઢેરે ઉત્સાહપૂર્વક ભાગ લઈ સમગ્ર જિલ્લામાં અવ્વલ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ વિદ્યાર્થિનીઓ ૭થી ૧૦ ઑક્ટોબર દરમિયાન અમદાવાદ મુકામે પ્રાંતિય પ્રશ્નમંચ સ્પર્ધામાં ભાગ લેશે.

આચાર્ય સુધાબેન પી પટેલ તથા સુપરવાઈઝર્સે આ વિદ્યાર્થિનીઓને બિરદાવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના પંકજભાઈ એફ પટેલ અને જ્યોત્સ્નાબેન પટેલે આ સ્પર્ધા માટે વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# ઝોન કક્ષાના ખેલ મહાકુંભમાં જે બી પ્રાથમિક શાળા ઝળકી

ગાંધીનગર, તા. ૬

રાજ્ય સરકાર દ્વારા યોજાયેલ ખેલ મહાકુંભ અંતર્ગત વિવિધ રમતોમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઝોન કક્ષાની સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ દ્વિતિય સ્થાન સાથે જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામી શાળાનું ગૌરવ વધાર્યું છે.

૨૦૦ મીટર દોડમાં સાહિલ પારૂલભાઈ હઠિલાએ દ્વિતિય સ્થાન, ૪૦૦ મીટર દોડમાં હર્ષ સુરપશભાઈ સોલંકીએ દ્વિતિય, ચેસમાં ઋતુલ પલ્કેશભાઈ પટેલે દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરી જિલ્લી ટીમમાં સ્થાન મેળવ્યું હતું. ઉપરાંત કબડ્ડી ટીમમાં લવ રમણભાઈ ખાબડ અને આર્યન શૈલેષભાઈ દરજીએ જિલ્લાકક્ષાની ટીમ માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી હતી.

શાળાકીય અભ્યાસની સાથે સાથે રમતગમતમાં પણ રસ દાખવી નામના પ્રાપ્ત કરનાર તથા શાળાનું ગૌરવ વધારનાર વિદ્યાર્થીઓને શાળાનાં આચાર્ય નીવાબેન પટેલે તથા સ્ટાફ પરિવારે અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભકામનાઓ પાઠવી છે.

# શેઠ સી એમ હાઈસ્કૂલ ખાતે સ્વચ્છતા અભિયાન યોજાયું

ગાંધીનગર, તા. ૬

મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી એમ હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે આચાર્ય ડૉ. ચેતનાબેન બુચના માર્ગદર્શન હેઠળ સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉપરાંત સર્વ ધર્મ પ્રાર્થના અને ગાંધીજીના વિચારોનું પઠન, ગાંધીગીતોનું ગાન વિદ્યાર્થીઓ દ્વારા શાળાના પ્રાંગણમાં યોજવામાં આવ્યું હતું. દશરથભાઈ, અશોકગીરી, લાભુભાઈ અને અન્ય શિક્ષકોએ સુંદર આયોજન કર્યું હતું.

વિદ્યાર્થી કુશલ પટેલ, માહિન ગાંધર્વ, મંત્ર ઉપાધ્યાય અને દેવમ પ્રજાપતિએ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. મહેશભાઈ ખોરસ્મા, વંદનાબેન મેવાડા, સુનિલભાઈ દવેએ સહકાર આપ્યો હતો.

# શ્રીમતી આર જી પટેલ કન્યા શાળા ખાતે કારકિર્દી આયોજન સપ્તાહની ઉજવણી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં કારકિર્દી આયોજન સપ્તાહની ઉજવણી અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન શ્રીમતી આર જી પટેલ કન્યા શાળા ખાતે કરવામાં આવ્યું હતું.

કુદરતી હોનારત વિષયે નિબંધ સ્પર્ધા, બેટી બચાવો-બેટી પઢાઓ વિષયે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

નિબંધ સ્પર્ધામાં અનુક્રમે જાનકી વી ગોસ્વામી, પૂજા એન બારોટ અને ઉર્વી વી ગજ્જર અને વક્તૃત્વ સ્પર્ધામાં પ્રિયાબેન કે ગઢવી, શ્રેયા વી આચાર્ય અને ગોપી ડી પરમાર અનુક્રમે વિજેતા બન્યાં હતાં. જીડીસીકક્ષાની નિબંધ સ્પર્ધામાં શેઠ સી એમ હાઈસ્કૂલના વિદ્યાર્થી કુશલ પી પટેલ, શ્રીમતી આર જી પટેલ કન્યા શાળાનાં વિદ્યાર્થિની જાનકી વી ગોસ્વામી અને જયપ્રકાશ હાઈસ્કૂલ, સૅક્ટર-૨૬ના વિદ્યાર્થી વિશાલ ઝવેરભાઈ રબારી અનુક્રમે વિજેતા બન્યા હતા. વક્તૃત્વ સ્પર્ધામાં આરાધના વિદ્યાવિહારના વિદ્યાર્થી વિસમા જી દંતાણી, શેઠ સી એમ હાઈસ્કૂલ દેવમ ડી પ્રજાપતિ અને શ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલયનાં વિદ્યાર્થિની ધર્મિષ્ઠા એસ વાઘેલા અનુક્રમે વિજેતા બન્યાં હતાં.

શ્રીમતી આર જી પટેલ કન્યા શાળામાં એસવીએસ કક્ષાની નિબંધ સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ પ્રસંગે એડીઆઈ પંકજભાઈ પટેલ, આચાર્ય સુધાબેન પટેલ અને સુપરવાઈઝર્સે હાજરી આપી હતી.

એસવીએસ કક્ષાની નિબંધ સ્પર્ધામાં શેઠ સી એમ હાઈસ્કૂલના વિદ્યાર્થી કુશલ પટેલ, જે એમ ચૌધરી વિદ્યાલયનાં વિદ્યાર્થિની વિલાસ હીરાભાઈ ચૌધરી અને ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ, લેકાવાડાનાં વિદ્યાર્થિની વૈદેહી કિરણકુમાર પટેલ અનુક્રમે વિજયી બન્યાં હતાં.

વક્તૃત્વ સ્પર્ધામાં જે એસ પટેલ સ્કૂલ, રાંધેજાનાં વિદ્યાર્થિની વનિતા જે પરમાર, શ્રી જે એમ ચૌધરી વિદ્યાલયનાં વિદ્યાર્થિની અવની વી ડાભી અને શેઠ કેમ હાઈસ્કૂલ, છાલાનાં વિદ્યાર્થિની માહેનૂર જે શેખ અનુક્રમે વિજેતા બન્યાં હતાં.

કારકિર્દી આયોજન સપ્તાહ સમાપન કાર્યક્રમ જિલ્લા શિક્ષણ, માહિતી અને રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે શેઠ ભીખાભાઈ હાઈસ્કૂલ, ઈસનપુર મોટા ખાતે યોજવામાં આવ્યું હતું, જેમાં જિલ્લાની વિવિધ એસવીએસ કક્ષાના સ્પર્ધકોએ નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો. વિજેતા સ્પર્ધકોને શિલ્ડ, પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં અને કારકિર્દી અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. નિબંધ સ્પર્ધામાં ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ, લેકાવાડાનાં વિદ્યાર્થિની વૈદેહી કિરણકુમાર પટેલ, શેઠ સી એમ હાઈસ્કૂલના વિદ્યાર્થી કુશલ પ્રકાશભાઈ પટેલ અને સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ, કલોલના વિદ્યાર્થી રાહુલ અજયકુમાર વ્યાસ અનુક્રમે વિજેતા બન્યા હતા.

વક્તૃત્વ સ્પર્ધામાં કે જી હાઈસ્કૂલ, ચરાડાનાં વિદ્યાર્થિની ગાયત્રીબેન રતનસિંહ જોષી, જે એસ પટેલ સ્કૂલ, રાંધેજાનાં વિદ્યાર્થિની વનિતા જયંતિભાઈ પરમાર અને કનીપુર હાઈસ્કૂલનાં વિદ્યાર્થિની આયુષી વિપુલભાઈ પટેલ અનુક્રમે વિજેતા બન્યાં હતાં.


સમગ્ર કારકિર્દી સપ્તાહ ઉજવણી માટે આચાર્ય સુધાબેન પટેલ અને સુપરવાઈઝર્સે સુંદર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સ્પર્ધાઓની કામગીરી કન્વીનર મહેન્દ્રભાઈ એમ પટેલ, દેવરાજભાઈ એચ દેસાઈ દ્વારા સુંદર રીતે બજાવવામાં આવી હતી.

# કૉંગ્રેસનો એક અદના ભારતીય સાથે જોડાયેલી સાચા અર્થમાં રાષ્ટ્રવાદી પાર્ટી તરીકે પુનર્જન્મ થયો

## ગાંધીયાત્રા

ઘણા ભારતીયોને પોલીસના લાઠીચાર્જ, માર અને દમનનો શિકાર થવું પડ્યું. કેટલાય નિર્દોષ ભારતીયોએ સરકારી ગોળી ઝીલવી પડી અને તે પણ પંજીકરણ ન કરવા જેવા જુદા જુદા અહિંસક આંદોલન અને અસહકારની લડત માટે. એક તરફ ભારતીયોને દબાવી દેવામાં સરકારને સફળતા મળતી તો બીજી તરફ સરકારની અમાનવીય રીતે ભારતીયોના દમન કરવાની રીત જોઈને દક્ષિણ આફ્રિકી પ્રજાના મનમાં ધીમે ધીમે પણ સરકાર માટે રોષ વધતો જતો હતો. સરકાર તેની જ પ્રજા સામે ગુનેગાર બનીને ઊભી હતી. પોતાની જ પ્રજાના દબાણને વશ થઈને જનરલ ક્રિશ્ચન સ્મટને ફરજ પડી કે તેઓ ગાંધીજીને સમાધાન માટે મંત્રણાના મેજ પર આમંત્રે.

દક્ષિણ આફ્રિકામાં વસવાટ દરમ્યાન ગાંધીજી પર શ્રીમદ્ ભગવદ્ ગીતા અને લિયો ટોલ્સટોયના તત્વજ્ઞાનભર્યા લખાણોનો ખૂબ પ્રભાવ પડ્યો. ખાસ કરીને ખ્રિસ્તી ધર્મના સિદ્ધાંતોમાંથી પોતાનાં ચિંતન દ્વારા ટોલ્સટોયે તારવેલા સરકાર વગરના શાસનના ખ્યાલની ઊંડી અસર ગાંધીના મન, કર્મ અને વિચારો પર જીવનના અંત પર્યંત જોવા મળે છે. ટોલ્સટોયે ૧૯૦૮માં કટ્ટર ભારતીય રાષ્ટ્રવાદીઓને સંબોધીને લખેલા લેખ **Letter to a Hindu**નો ગાંધીજીએ અનુવાદ કર્યો. ૧૯૧૦માં ટોલ્સટોયના મૃત્યુ સુધી ગાંધીજી અને ટોલ્સટોય એકબીજાને પત્ર દ્વારા નિયમિત મળતા રહ્યા. ગાંધીજી ઉપર હેન્રી ડેવિડ થોરોના વિખ્યાત નિબંધ **Civil Disobedience** (પ્રજાકીય અવજ્ઞા)નો પણ ઊંડો પ્રભાવ દેખાય છે. ઈશ્વરે ગાંધીને જાણે દક્ષિણ આફ્રિકામાં એક સામાજિક-રાજકીય ક્રાંતિકારી બનાવવાની પૂરી વ્યવસ્થા કરી આપી હોય તેમ (સરકાર પરત્વે) પ્રજાકીય અવજ્ઞા અને તેનાં કૌશલ્યો તેમજ અહિંસક સંઘર્ષની સંકલ્પનાઓ ત્યારે જ સૌ પ્રથમવાર વિકસી. ગાંધીજી કદાચ આ ભાગીરથીને ઝીલવા જ જન્મ્યા હતા. પહેલું વિશ્વ યુધ્ધ ફાટી નીકળતા ગાંધીજીએ તેમનાં આ પ્રયોગની કસોટી પર પાર ઊતરેલા નવા વિચારો સાથે ભારત આવવાનું નક્કી કર્યું.



### ભારતીય સ્વતંત્રતા સંગ્રામ

દક્ષિણ આફ્રિકી યુદ્ધની જેમ ગાંધીએ ભારત આવ્યા બાદ અહીં પણ ભારતના લોકોને અપીલ કરી કે તેઓ બ્રિટનને પહેલા વિશ્વયુદ્ધ દરમ્યાન મદદ કરે અને આ માટે તેમણે ભારતીયોની મિલિટરીમાં ભરતી કરવાનું કામ પણ ચાલુ કર્યું. ઘર આંગણે ગુજરાતીઓ અને બિહારીઓની પડખે ઊભા રહીને તેમણે બ્રિટીશ દ્વારા ભારતીયોનાં દમન વિરુદ્ધ અવાજ ઊઠાવીને તેઓ ભારતીયોની રાષ્ટ્રવાદી ચળવળમાં સક્રિય તો રહ્યા પણ બ્રિટીશરોની સાથે પોતાનાં સંબંધો તૂટી ન જાય તેનું પણ તેમણે ધ્યાન રાખ્યું. સન ૧૯૧૯માં બ્રિટીશ સરકારે રોલેટ બીલ પસાર કર્યું કે સરકારનો કોઈપણ જાતનો વિરોધ કરનારને સરકાર ન્યાયપાલિકાને જણાવ્યા વગર સીધી જ કેદ કરી શકે. આ બીલના વિરોધમાં ગાંધીને એવું પગલું ભરવા મજબુર કર્યા કે જેથી અંગ્રજો સાથે તેમના સંબંધ પર પૂર્ણવિરામ મુકાઈ ગયું. ગાંધીએ સત્યાગ્રહનું એલાન કરી દીધું જે પછી તરત આખા દેશમાં ચોતરફ હિંસા ફાટી નીકળી તેવામાં જ અમૃતસરમાં બ્રિટીશ લશ્કરે લગભગ ૪૦૦ જેટલા સત્યાગ્રહીઓને રહેંસી નાખ્યા અને માર્શલ લૉ લગાવી દીધો. આમ બંને પક્ષની હિંસાના કારણે ગાંધીએ લડત આટોપી લેવાની જાહેરાત કરી દીધી. પણ અત્યાર સુધીની લડતની સફળતાએ ગાંધીને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના મહાનાયક બનાવી દીધા હતા. એપ્રિલ ૧૯૨૦માં ગાંધી **All India Home Rule League**ના અધ્યક્ષ તરીકે ચુંટાઈ આવ્યા. ૧૯૨૧માં ગાંધીને અખિલ ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના દ્વારા કૉંગ્રેસ વતી તમામ નિર્ણયો લેવાની સત્તા આપવામાં આવી. ગાંધીના નેતૃત્વમાં સ્વરાજના ધ્યેય સાથે કૉંગ્રેસના બંધારણને નવેસરથી ઘડવામાં આવ્યું અને કૉંગ્રેસમાં પાયામાંથી ફેરફાર કરવામાં આવ્યા. કૉંગ્રેસનું સભ્યપદ સામાન્ય ફી સાથે દરેક ભારતીય માટે ખુલ્લુ મુકવામાં આવ્યું. કૉંગ્રેસમાં પ્રવર્તમાન અરાજકતા ઊપર કાબુ મેળવવા અને શિસ્તને સુધારવા કૉંગ્રેસમાં સત્તાને જુદા જુદા સ્તરે સમિતિઓમાં વિકેન્દ્રિત કરવામાં આવી. આવા પગલાંને કારણે શ્રેષ્ઠીઓની એક પાર્ટીમાંથી કૉંગ્રેસનો એક અદના ભારતીય સાથે જોડાયેલી સાચા અર્થમાં રાષ્ટ્રવાદી પાર્ટી તરીકે પુનર્જન્મ થયો. ગાંધીએ હવે અહિંસાની સાથે પરદેશી (ખાસ કરીને બ્રિટીશ) ચીજોના બહિષ્કારને બીજા અસરકારક શસ્ત્ર તરીકે અંગ્રેજો સામે તાકી દીધું. આના જ ભાગ તરીકે ખાદીનો પ્રચાર અને પ્રસારે ભારતભરમાં જાણે એક જુવાળ પેદા કર્યો. દરેક ભારતીયને ખાદી મળી રહે તે હેતુથી ગાંધીએ ભારતની ગરીબ અને તવંગર ઘરની તમામ સ્ત્રીઓને દરરોજ એક નાના લાકડા ના ચરખા થી ખાદી કાંતવા અને તે દ્વારા પરોક્ષ રીતે અસહકારની લડતમાં ભાગ લેવા હાકલ કરી. બ્રિટીશ ચીજ વસ્તુઓની સાથે ગાંધીએ બ્રિટીશ ભણતર, બ્રિટીશ ન્યાયાલયમાં અને તમામ સરકારી નોકરીઓ છોડવા માટે પણ યુવાનોને પોરસ ચડાવ્યું. જનતાને અપીલ કરી કે બ્રિટીશ સરકાર દ્વારા લાદવામાં આવેલો કોઈપણ પ્રકારનો વેરો કોઈએ ભરવો નહીં. બ્રિટીશ દ્વારા એનાયત થયેલ ખિતાબો, ઈલ્કાબો, ઈનામો અને અકરામો પણ લોકોએ ગાંધીના કહેવાથી પાછા આપી દીધા. દુનિયા આખી પોરબંદરના એક વણિકની જુદા જ પ્રકારની લડતને અચરજ સાથે નિહાળી રહી હતી. ભારતનો ખૂણેખૂણો ગાંધીના રંગે રંગાઈ ચુક્યો હતો, લોકોમાં સ્વરાજ્યની પ્રબળ તૃષા જાગી ચુકી હતી. લડત તેનાં શિખરે હતી ત્યાં જ સ્વાતંત્ર્ય સંગ્રામને જોરદાર ધક્કો વાગ્યો. બન્યું એવું કે ફેબ્રુઆરી ૧૯૨૨માં ઊત્તર પ્રદેશમાં થોડા સ્વાતંત્ર્ય સેનાનીઓ એક દિવસ બેકાબુ બનતાં સ્વાતંત્ર્ય સંગ્રામ હિંસક માર્ગે વળી ગયો. ગાંધીજીની તમામ મહેનત પર જાણે પાણી ફરી વળ્યું. તેમને સાધનની શુદ્ધિ વિનાની સાધના નિરર્થક લાગી. આમ તેમણે પોતે આદરેલી અને અત્યાર સુધી અહિંસક રીતે દેશભરમાં ફેલાયેલી અસહકારની ચળવળ આટોપી લીધી. ગાંધી પર સરકારે દ્રોહનો ખટલો ચલાવ્યો અને તેમને છ વર્ષની કેદની સજા થઈ. સંગ્રામના રસ્તે ગાંધી માટે આ પહેલો કારાવાસ તો નહોતો પણ ગાંધીના જીવનની અત્યાર સુધીની આ સૌથી લાંબી જેલયાત્રા હતી. ૧૮ માર્ચ ૧૯૨૨ના રોજ ગાંધીનો જેલવાસ શરૂ થયો પરંતુ ફેબ્રુઆરી ૧૯૨૪માં ગાંધીને એપેન્ડિક્સનું ઑપરેશન કરાવ્યા બાદ જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા.

ગાંધીની ગેરહાજરીમાં કૉંગ્રેસ ધીમે ધીમે લડતમાં પીછેહઠ કરવા માંડી અને બે ભાગમાં વહેંચાઈ ગઈ. એક તરફ ચિત્તરંજન દાસમુનશી અને મોતીલાલ નહેરૂ હતા જેઓ સરકારમાં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસની ભાગીદારીની તરફેણમાં હતા તો બીજી તરફ સરદાર વલ્લભભાઈ પટેલ અને ચક્રવર્તી રાજગોપાલાચારી જેવા ખેરખાંઓને એવો અંદેશો હતો કે સત્તામાં ભાગીદારી કરી સરકારનો હિસ્સો બની સરકાર સામે લડવાનું કામ લડતને નબળી પાડી દેશે. બીજી તરફ અહિંસક લડત દરમ્યાન હિંદુ મુસ્લીમ વચ્ચે મજબુત બનેલી સહઅસ્તિત્વની ભાવનામાં મોટી ઓટ આવી. ગાંધીજીએ વૈમનસ્યની આ સ્થિતિ તોડવા અથાગ પ્રયત્નો કર્યા પણ કાંઈ ન વળતાં ૧૯૨૪માં છેલ્લા ઊપાય તરીકે ત્રણ અઠવાડિયાનાં ઊપવાસ દ્વારા લોકોના હૈયા પર લાગણીનો પ્રહાર કર્યો. આ ઊપાય ઊપરછલ્લું કામ કરી ગયો પણ બે કૉમ વચ્ચે કાયમી પ્રેમસેતુ ગાંધીજી (કે આજપર્યંત કોઈપણ) સફળ ન થયા.